જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૯/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી, ૯૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી કુલ રૂપિયા ૨૩૫/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૬/૧૪**

**ઓઢવ :** જાગૃતીબહેન ઉર્ફે પાયલ ભુપતસિંહ રાજપુત (ઉ.વ.૧૪)(રહે.કરસનભાઇની ચાલી, જામફળ વાડી રામોલ) ને તા.૧૦/૯/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વિમલપાર્ક ચાર રસ્તા પાસે, હસ્તીનાપુર સોસાયટીની બાજુમાં, વાળીનાથનગર નજીકથી પડોશમાં રહેતો આરોપી હિતેષ રામભાઇ સાવલી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ જાગૃતીબહેનનાં પિતા ભુપતસિંહ રાજપુતે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૭/૧૪**

**માધવપુરા :** ફીરોજભાઈ ઉર્ફે મુસ્કાન રસીકભાઇ પાવૈયા (રહે, દિલ્હી દરવાજા બહાર, એચ.બી.કાપડીયા સ્કુલ સામે, માધવપુરા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૯/૧૪ બપોરનાં ૩/૦૦ થી તા.૧૧/૯/૧૪ સવારનાં ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-, એલ.સી.ડી ટી.વી. કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને મિક્ષર કિંમત રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.મહિડા ચલાવે છે.

**શહેરકોટડા :** વિષ્ણુભાઇ શંકરભાઇ પટેલ (રહે,વસંત વિહાર વિભાગ-૨, ડફનાળા રોડ શાહીબાગ) એ તા.૧૧/૯/૧૪ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૯/૧૪ સાંજનાં ૬/૦૦ થી તા.૯/૯/૧૪ સવારનાં ૭/૪૫ વાગ્યા દરમ્યાન નરોડા રોડ અમરનાથ એસ્ટેટમાં આવેલ ઉન્નતી ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કોપર વાઇન્ડીંગ વાયર બોક્ષ નંગ-૬૦, સી.સી.ટી.વી.સિસ્ટમ વી.ડી.આર. નંગ-૨, એમ્પ્લીફાયર, લેપટોપ નંગ-૨ મળી કુલ કિંમત રૂપિયા ૨,૯૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી લઇ ગયા :** **સમાચાર યાદી નં.૨૩૧૮/૧૪**

**નરોડા :** જયંતીબહેન હરેશભાઇ પંડ્યા (રહે,અજન્તા ઇલોરા સોસાયટી, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી પાસે, સરદારનગર) તા.૧૧/૯/૧૪ બપોરનાં ૧/૪૫ વાગ્યાના સુમારે નરોડા ગામ અમરત જેશીંગ નામની કરીયાણાની દુકાન આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જયંતીબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયંતીબહેન પંડ્યાએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૧૯/૧૪**

**નારણપુરા :** હેમલ લાલભાઇ શાહ (રહે,પત્રકાર કોલોની, વિજયનગર સ્કુલ પાસે,નારણપુરા) એ તા.૮/૯/૧૪ બપોરનાં ૨/૦૦ વાગ્યાનાં સુમારે પત્રકાર કોલોની સામે પાર્કીગમાંથી પોતાની ઇકો કાર નંબર જીજે.૧.કે.આર.૬૩૭૭ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૩/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી.આ અંગેની ફરીયાદ હેમલ શાહે તા.૧૧/૯/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ.રાઓલ ચલાવે છે.

**ઇસનપુર :** જીતેશ લક્ષ્મણભાઇ ચૌહાણ (રહે.લલીત સોસાયટી, આદેશ સોસાયટી સામે ઇસનપુર) એ તા.૬/૯/૧૪ કલાક ૦૦/૦૦ વાગે રહેણાંકનાં કોમન પ્લોટમાં પોતાની મારૂતી એસ્ટીમ કાર નંબર જીજે.૧૮.એ.એ.૦૦૦૧ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૬/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ જીતેશ ચૌહાણે તા.૧૧/૯/૧૪ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દેવદત્તસિંહ કશળસિંહ ચલાવે છે.

**કારંજ :** અમૃતભાઇ પોપટભાઇ પટણી (રહે.બાપાલાલ ઘાંચીની ચાલી, ચમનપુરા ચકલા, અસારવા) એ તા.૨૬/૮/૧૪ કલાક ૮/૧૦ વાગે લાલ દરવાજા મજુર મહાજન સંઘની સામે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.બી.ઝેડ.૯૪૭૦ કિંમત રૂપિયા ૫૮,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી પાંચ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ અમૃતભાઇ પટણીએ તા.૧૧/૯/૧૪ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૨૦/૧૪**

**સોલા હાઇકોર્ટ :** રોબીનભાઇ અરૂણભાઇ ભવસાર (ઉ.વ.૨૮) (રહે,ગોતા હાઉસીંગ, ખોડીયાર ચોક, ગોતા) એ તા.૧૧/૯/૧૪ સાંજનાં ૫/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે કોઇ કારણસર પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શીવાભાઇ હુરાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.